જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૬/૧૭</u>

## <u>નરોડા દહેગામ રોડ હંસપુરા ગામના બસસ્ટેન્ડ પાસેથી ઇંગ્લીશ દારુના જથ્થો ભરેલ ઇનોવા ગાડી સાથે એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદશહેર ક્રાઇમ બ્રાન્ચ,</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહીબીશન તથા જુગાર ની અસામાજીક પ્રવૃતિ કરતા ઇસમો શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ નાઓનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં કામ કરતા તેઓનાં સ્કોડનાં પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.એન.દેસાઇ તથા સ્ટાફ્નાં માણસો સાથે પેટ્રોલીંગમા હતા આ દરમ્યાન નરોડા દહેગામ રોડ હંસપુરા ગામના બસસ્ટેન્ડ પાસે થી આરોપી વિકાસ ઉર્ફે બકરો S/O વિજયભાઇ જાતે દીદાવાલા ઉ૬.૨૩ રહે. મહાજનિયા વાસ, રામદેવપીર મંદિર પાછળ, નરોડા-પાટિયા, કુબેરનગર, અમદાવાદ શહેર નાને ઇંગ્લીશ દારુના રોયલ સ્ટેગ વ્હીસ્કી બોટલ નંગ-૧૪૪ મળી કિં.રૂ. ૫૭,૬૦૦/- તથા બીયરના ટીન નંગ-૨૪૦ કિં.રૂ.૨૪,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૮૧,૬૦૦/- તથા ઇન્ટેલ કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧,૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦/- તથા આર.સી.બુક અને લોન પેપરના ની ઝેરોક્ષ નકલ કિં.રૂ.00/00 તથા ટોયોટો ઇનોવા ગાડી નં. GJ-01-KQ-9616 કિં.રૂ.૪,૦૦,૦૦૦/- મળી તમામ ની કુલ્લે કિં.રૂ.૪,૮૩,૧૦૦/-ના મુદામાલ સાથે આજરોજ તા.૦૭/૦૧/૨૦૧૭ ના રોજ પકડી અટક કરવામા આવેલ છે

સદરી પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે બકરી રાખી પશુ પાલનનો ધધો કરે છે અગાઉ સાતેક મહીના પહેલા ઇગ્લીશ દારૂના કેશમા પકડાયેલ છે.તેમજ નરોડા પો.સ્ટેમા મારામારી તથા લુટના ગુન્હામા નાની ઉમરનો હતો ત્યારે પકડાયેલ છે. અને આજરોજ પોતાના મિત્ર હાર્દીક પંડયા નાએ પોતાને ઇગ્લીશ દારૂ લેવા જવ માટે પોતાને જણાવતા પોતાનો મિત્ર હાર્દીક પંડયા નાનો ઇનોવા ગાડી લાવેલ અને બપોઅરના આશરે એક વાગ્યાના સુમારે બન્નેજણા ઇનોવા ગાડી લઇ મોટા ચિલોડા મેઇન રોડ આગળ કોઇ ગામમા જવાના રસ્તે ઉપર ગયેલા અને તે વખતે એક ફોરવીલ ગાડી આવેલ અને તેમાથી બિયર તથા ઇગ્લીશ દારૂ ની ૨૨ જેટલી પેટીઓ ભરી આપેલ અને તે લઇ બન્નેજણા અમદાવાદ આવતા હતા તે વખતે નરોડા દહેગામ રોડ હંસપુરા ગામના બસસ્ટેન્ડ પાસેથી પકડી લીધેલ છે અને રેડ દરમ્યાન ઇનોવાગાડીનો ડ્રાઇવર હાર્દીક પંડયા નાનો નાસી ગયેલ છે જેથી નાસી જનાર ડ્રાઇવર તથા તેમજ પકડાયેલ આરોપી પાસે બીજો કોઇ ઇંગ્લીશ દારુનો જથ્થો છે કે કેમ તે અંગે આગળ ની વધુ તપાસ ક્રાઇમબ્રાન્ચ પો.સ.ઇ.શ્રી એસ.એન.દેસાઇ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)